PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

ફોન :-
પાટણ : ૨૩૦૦૬૮/૨૨૦૨૨૮
ફેક્સ : ૨૨૧૩૪૭
હારીજ : ૨૨૨૪૦૪
ઉંઝા : ૨૩૫૪૧૯
અમદાવાદ : ૪૦૨૩૨૧૯૨

ESTD DPT 1956

ડી. પી. ઠક્કર એન્ડ કું
ડી. પી. ઠક્કર એન્ડ બ્રધર્સ
ટેક્ષ કન્સલટન્ટસ
'શ્રી કુંજ', સ્ટેશન રોડ, પાટણ.

બ્રાન્ચ : નીધી હોસ્પીટલ બિલ્ડીંગ, સ્ટેડીયમ કોમર્સ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૯

તા. ૨૭-૩-૨૦૧૫

ભાઈશ્રી,

ચાલુ નાણાંકીય વર્ષ તારીખ ૩૧-૩-૨૦૧૫ ના રોજ પુરૂ થાય છે જેનું એસેસમેન્ટ વર્ષ ૨૦૧૫-૧૬ છે એટલે નાણાંકીય વર્ષથી લાગુ પડતી ઈન્કમટેક્ષ તથા VAT કાયદાની કેટલીક અગત્યની નીચે લખેલી બાબતો સમજીને અમલ કરવો જરૂરી છે :-

**(૧) T.D.S. જુદા-જુદા પ્રકારની ઈન્કમટેક્ષ કપાતો :-**
**T.D.S. ના દરનો કોઠો નીચે મુજબ છે :-**

| કલમ | | ચુકવણીનો પ્રકાર તથા નિયત મર્યાદા | T.D.S. નો દર |
|---|---|---|---|
| 194A | (૧) | વાર્ષિક રૂા. ૫૦૦૦/- થી વધુ વ્યાજની રકમ ઉપર " અને " | ૧૦% |
| | (૨) | બેંક તથા પોસ્ટ ઓફીસ માટે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/- થી વધુ વ્યાજની રકમ ઉપર | ૧૦% |
| 194C | (૧) | વ્યક્તિ તેમજ HUF હોય તેવા કોન્ટ્રાક્ટર કે સબ કોન્ટ્રાક્ટર કે એડવર્ટાઈઝીંગ એજન્ટ ને પેમેન્ટ આપવામાં આવે ત્યારે | ૧% |
| | (૨) | ભાગીદારી પેઢીકે કંપની હોય તેવા કોન્ટ્રાક્ટર, સબ કોન્ટ્રાક્ટરને પેમેન્ટ આપો ત્યારે | ૨% |
| | (૩) | ટ્રાન્સપોર્ટરના કેસમાં જો PAN No. પુરો પાડવામાં આવે તો | શૂન્ય |
| | (૪) | ટ્રાન્સપોર્ટરના કેસમાં જો PAN No. પુરો પાડવામાં ન આવે તો | ૨૦% |
| | (૫) | પેમેન્ટની લીમીટ :- એક વખતે રૂા. ૩૦,૦૦૦/- અથવા વાર્ષિક રૂા. ૭૫,૦૦૦/- થી વધુ હોય તો | ઉપર મુજબ |
| 194H | (૧) | કમીશન/દલાલી વાર્ષિક રૂા. ૫૦૦૦/- થી વધુ રકમ ઉપર | ૧૦% |
| 194I | (૧) | પ્લાન્ટ, મશીનરી, ઇક્વીપમેન્ટના ભાડાની રૂા. ૧,૮૦,૦૦૦/- થી વધુ રકમની ચુકવણી ઉપર | ૨% |
| | (૨) | જમીન-મકાન, ફર્નિચરના ભાડાની રૂા. ૧,૮૦,૦૦૦/- થી વધુ રકમની ચુકવણી ઉપર | ૧૦% |
| 194J | (૧) | પ્રોફેશનલ તથા ટેક્નીકલ સર્વિસીસ ફી રૂા. ૩૦,૦૦૦/- થી વધુ રકમની ચુકવણી ઉપર | ૧૦% |
| 194IA | (૧) | ખેતીની જમીન સિવાય અન્ય સ્થાવર મિલકત રૂા. ૫૦ લાખથી વધુ રકમ ની ખરીદનારે વેચાણ કરનાર ને ચુકવવાની રકમ ઉપર કરવી પડે જે રકમ વેચાણ કિંમતમાંથી કાપીને ભરવાની છે. | ૧% |
| 195 | (૧) | નોન રેસીડેન્ટને આપવામાં આવતી વ્યાજ, ભાડુ નફાનો ભાગ વિગેરે ચુકવણી માટે | જુઓ અનુક્રમ નં. ૧૦ |
| નોંધ:- | | ઉપર પ્રમાણે જેની કપાત કરવાની હોય તે વ્યક્તિ કપાત કરનારને PAN પુરો ન પાડે તો અથવા PAN ના હોય તો | ૨૦% |

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

**(૨) વ્યાજની ચુકવણી ઉપર કલમ 194A વ્યાજકપાતની જોગવાઈ :-**

(૧) રૂા. ૫૦૦૦/- કે વધુ વ્યાજની રકમ ચુકવવામાં આવે કે ખાતામાં જમા થાય તો TDS કરવી પડે. પરંતુ તેમાં નીચે પ્રમાણે અપવાદ છે :-

(૧) વ્યાજ મેળવનાર (સ્ત્રી કે પુરૂષ) ની ઉંમર ૬૦ વર્ષ સુધીની હોય અને કુલ વ્યાજની આવક રૂા. ૨,૫૦,૦૦૦/- થી ઓછી હોય અને બીજી આવકો ને ધ્યાને લેતાં પણ જો ઇન્કમટેક્ષ ભરવાનો થતો ન હોય તો તા. ૩૧/૩/૨૦૧૫ સુધીમાં ફોર્મ 15G **બે કોપી આપે તો કપાત થાય નહિં.**

(૨) વ્યાજ મેળવનાર (સ્ત્રી કે પુરૂષ) ની ઉંમર ૬૦ વર્ષ થી વધુ હોય અને **નેટ ટેક્ષેબલ આવક** રૂા. ૩,૦૦,૦૦૦/- થી ઓછી હોય તો તા. ૩૧/૩/૨૦૧૫ સુધીમાં 15H ફોર્મ બે કોપી આપે તો કપાત થાય નહિં અને આ રીતે વ્યાજ મેળવનાર ની ઉંમર ૮૦ વર્ષ થી વધુ હોય તો નેટ ટેક્ષેબલ **આવક રૂા.૫,૦૦,૦૦૦/- થી ઓછી હોય તો 15H ફોર્મ બે કોપી આપેતો કપાત થાય નહિં.**

(૩) જે મહિનામાં વ્યાજ ચુકવવામાં આવે તેના પછીના મહીનાની ૭ મી તારીખ સુધીમાં TDS ભરવી પડે પરંતુ **માર્ચ માસમાં જો વ્યાજનું નામું પાડેલ હોય કે ચુકવવામાં આવેલ હોયતો તેની TDS ૩૦મી એપ્રિલ સુધીમાં ભરી શકાય.**

(૪) ફોર્મ નં. 15G અને ફોર્મ નંબર 15H માં નીચેની વિગત ભરવી જરૂરી છે.

(૧) વ્યાજ મેળવનારનું નામ તથા પુરૂ સરનામું એટલે કે મકાનનું નામ, મકાનનો મ્યુનીસીપલ નંબર,રોડ, રસ્તો, એરીયા પીનકોડ નંબર, લેન્ડલાઈન ટેલીફોન નંબર અને મોબાઈલ નંબર

(૨) ધંધાનો પ્રકાર (૩) PA નંબર

(૪) ઈન્કમટેક્ષનું છેલ્લું રીટર્ન કઈ સાલ માટે ભરેલ અને કયા વોર્ડમાં અને કયા ગામમાં ભરેલું

(૫) અંદાજે કુલ આવક કેટલી થાશે. (વ્યાજની તથા અન્ય)

(૬) જે પેઢીમાં પૈસા આપેલા હોય તે પેઢીનું વ્યાજ નાંખેલા ખાતાની નકલ બે કોપી.

**(૫) જો P.A. નંબર ન હોયતો ફોર્મ નંબર 15G કે ફોર્મ નંબર 15H આપી શકાય નહી પરીણામે વ્યાજ કપાત ૨૦ ટકા લેખે કરવી પડે.**

**(૬) વ્યાજ આપનાર વ્યાજ કપાત ન કરવા માટે જે ફોર્મ નંબર15G કે 15H બે કોપીમાં મેળવે તેમાંથી એક કોપી તા. ૭/૪/૨૦૧૫ સુધીમાં અમદાવાદ TDS કમીશ્નર ની કચેરી કે તેમણે અધિકાર આપેલ ઇ.ટેક્ષ કચેરીમાં ફાઇલ કરવી ફરજિયાત છે.**

**(૭) ફોર્મ નંબર 15G કે ફોર્મ નંબર 15H તૈયાર કરવા માટે ઉપર જણાવેલી વિગત જેમ બને તેમ તુરત મોકલશો.**

**(૩) કોન્ટ્રાક્ટ કામની કપાત કલમ - 194-C**

(૧) કોન્ટ્રાક્ટ કામ આપેલ હોય કે સબ કોન્ટ્રાક્ટ કામ આપેલ હોય કે લેબર કોન્ટ્રાક્ટ કે કલીનીંગ કેટરી ચાર્જ ચુકવેલો હોય કે કોલ્ડ સ્ટોરેજનું ભાડું ચુકવવાનું હોય કે જોબ વર્ક ચાર્જીસ કે કેટરીંગ ચાર્જીસ એડવર્ટાઇઝમેન્ટ ચાર્જીસ કે સીક્યોરીટી ચાર્જીસ કે ટ્રાન્સપોર્ટ કંપનીને ભાડું ચુકવવાનું હોય વિગેરે પેમેન્ટ કરવામાં આવે ત્યારે આ કપાત કરીને ભરવી પડે પરંતુ તેમાં નીચે પ્રમાણે અપવાદ છે

(૧) એક વખતે રૂા.૩૦,૦૦૦ અથવા તેનાથી ઓછી રકમ અને વર્ષ દરમ્યાન ૭૫,૦૦૦ થી વધુ રકમ પેમેન્ટ કરવામાં ના આવે તો આ કપાત લાગુ પડતી નથી અને તે અંગે કોઇ ફોર્મ આપવાની પ જરૂર નથી.

(૨) ટ્રાન્સપોર્ટનું ભાડું ગમે તેટલું ચુકવવામાં આવે પણ જેને ટ્રાન્સપોર્ટનું ભાડું ચુકવાય તેનો P.A નંબર હોય તો આ કપાત કરવાની રહેતી નથી અને P.A. નંબરના પુરાવા માટે ઝેરોક્ષ કો રાખવી હિતાવહ છે અને જો **ટ્રાન્સપોર્ટનું ભાડું રૂા. ૩૫,૦૦૦/- થી વધુ એક સાથે ચુકવવા** હોય તો એકાઉન્ટ પેઇ ચેક થી ચુકવવું પડે.

(૩) ઉપરના અપવાદ સિવાય આ કપાત કરવી અને ભરવી ફરજિયાત છે.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



(૪) ટ્રાન્સપોર્ટર જો P.A. નંબર ધરાવતા ન હોય કે P.A. નંબર ન આપે તો કપાત ૨૦ ટકાલેખે કરવી પડે.

(૫) ઇન્ડીયન શીપીંગ કંપનીને સ્ટીમર ભાડું ચુકવો તો ૨% TDS કરવી પડે.

**(૪) દલાલી/કમીશન કલમ - 194-H**

(૧) વર્ષ દરમ્યાન ટુકડે ટુકડે કે એક સાથે એકજ પાર્ટીને રૂા. ૫૦૦૦/- થી વધુ રકમ ચુકવવામાં આવેતો આ કપાત કરવી ફરજિયાત છે.

(૨) આ રીતે જેને દલાલી કમીશન ચુકવવાની હોયતે P.A. નંબરના આપેતો કપાત ૨૦% લેખે કરવી પડે.

**(૫) પ્લાન્ટ/મશીનરી/ઇક્વીપમેન્ટ ભાડું કલમ - 194-I**

(૧) વર્ષ દરમ્યાન ટુકડે ટુકડે કે એક સાથે એકજ પાર્ટીને રૂા. ૧,૮૦,૦૦૦/- થી વધુ રકમનું ભાડું આવપાનું થાયતો આ કપાત કરવી પડે.

(૨) વર્ષ દરમ્યાન કુલ ભાડું રૂા. ૧,૮૦,૦૦૦/- થી ઓછું આપવાનું થાયતો આ કપાત કરવી જરૂરી નથી.

**(૬) સ્થાવર મિલ્કત/ફર્નિચર ભાડુ કલમ - 194-I**

(૧) વર્ષ દરમ્યાન ટુકડે ટુકડે કે એક સાથે એકજ પાર્ટીને રૂા. ૧,૮૦,૦૦૦/- થી વધુ રકમનું ભાડું આપવાનું થાય તો કપાત કરવી પડે.

(૨) વર્ષ દરમ્યાન કુલ ભાડું રૂા. ૧,૮૦,૦૦૦/- થી ઓછું આપવાનું થાય તો આ કપાત કરવી જરૂરી નથી.

**(૭) વકીલ-ડૉક્ટર-એડવોકેટ વિગેરેની ફી કલમ - 194-J**

(૧) વકીલ ફી, ઓડીટર ફી, ડોક્ટર ફી, હોસ્પિટલ ચાર્જ વિગેરેનું એકજ પાર્ટીને વર્ષ દરમ્યાન ટુકડે ટુકડે કે એક સાથે રૂા. ૩૦,૦૦૦/- થી વધુ રકમ નું પેમેન્ટ કરવામાં આવે તો આ કપાત કરવી પડે.

**(૮) ટેકનીકલ સર્વિસીસ નું પેમેન્ટ - કલમ - 194-J**

(૧) ટેકનીકલ સર્વિસીસ ઉપર ૧૦% TDS કરવી પડે દા.ત. શીપીંગ એજન્ટ વેપારી વતી જે કોઇ ખર્ચો કરે અને એજન્સી ચાર્જ લે તે તમામ રકમ ઉપર આ કપાત લાગુ પડે. ફ્યુમીગેશન ચાર્જ સ્ટરીલાઇજેશન ચાર્જ ઉપર પણ TDS કરવી પડે.

(૨) વર્ષ દરમ્યાન એકજ પાર્ટીને કુલ રૂા. ૩૦,૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ આપવાનું થાય ત્યારે આ કપાત કરવી પડે અને ભરવી પડે.

**(૯) પગાર કપાત - કલમ - 192**

(૧) પગાર, બોનસની રકમ <u>ટેક્ષેબલ</u> થાતી હોય તો વ્યક્તિના કેસમાં લાગુ પડતા દરથી કપાત કરવી પડે.

(૨) આ રીતે કપાત કરવાની થાય ત્યારે પગારદાર તેમની બીજી આવક ની વિગત આપે તો તેવી આવકને ધ્યાને લઇ પગારમાંથી TDS કરવી પડે.

**(૧૦) નોન રેસીડન્ટને ચુકવવામાં આવતી આવક - કલમ - 195**

(૧) કોઇપણ વ્યક્તિ કે પેઢી કે HUF નોન રેસીડેન્ટ વ્યક્તિ/HUF/ પેઢી / કંપનીને વ્યાજ, ભાડુ વિગેરે ચૂકવે કે ખાતામાં જમા કરે તો આ કપાત કરવી પડે.

(૨) નોન રેસીડેન્ટને નાની કે મોટી ગમે તે રકમની આવક ચુકવવામાં આવે કે જમા કરવામાં આવે તો આ કપાત લાગુ પડે દા.ત. વ્યાજ રૂા. ૫૦૦/- ચુકવવામાં આવે તો પણ આ કપાત કરવી પડે એટલે કે આ કપાત માટે કોઇ માફી રકમ નથી.

(૩) નોન રેસીડન્ટ કેસમાં જે TDS થઇ હોય તેનું રીફંડ લેવા માટે નોન રેસીડન્ટ નું ઇન્કમટેક્ષ રીટર્ન ભરવું પડે અને નોન રેસીડન્ટ ને આવક વધારે હોય તો ભરવાપાત્ર ટેક્ષ સામે આવી TDS ની રકમ બાદ મળે પણ P.A. નંબર હોવો જોઇએ.

(૪) નોન રેસીડન્ટને ચૂકવવાની આવકમાંથી કરવાની TDS ના દર નીચે પ્રમાણે છે. (P.A. No. હોય તો)

(૧) U.S.A., U.K., Canada, Australia માં રહેતા હોય તેવા નોન રેસીડન્ટ માટે TDS નો દર ૧૫.૪૫ ટકા છે. કારણ આ દેશો સાથે આપણા દેશને D.T.A.A (ડબલ ટેક્ષેશન એવોઇડન્સ

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



એગ્રીમેન્ટ) કરાર થયેલો છે. અન્ય દેશોનાં TDS દર અમને પુછી લેવા.

(૨) કેપીટલ ગેઈન ટેક્ષ વિગેરે આવકો અંગે અલગ-અલગ દર છે તે માટે જરૂર મુજબ રૂબરૂ મળવું.

## (૧૧) ટેક્ષ કલેક્શન એટ સોર્સ - TCS કલમ - 206-C :-

(૧) જે વેપારી નીચેની વસ્તુઓનું વેચાણ કરતા હોય તેમને જ આ જોગવાઈ લાગુ પડે છે.

(૧) દારૂ (૨) બીડી પત્તા (૩) જંગલમાંથી કે અન્ય રીતે મેળવેલ લાકડું (૪) જંગલની અન્ય પેદાશો (૫) ભંગાર એટલે કે કોઈપણ જાતનો ભંગાર (૬) મીકેનીક કામકાજ માંથી નીકળતો વેસ્ટેજ અને ભંગાર તથા કોન્ટ્રાક્ટનાં ધંધામાંથી નીકળતો ભંગાર તથા સોના-ચાંદીકે અન્ય મેટલનો ભંગાર (જ્યારે આ ભંગાર મૂળ સ્વરૂપે વાપરી શકાય તેવો હોય નહીં.)

(૨) ઉપરોક્ત વસ્તુઓનું જ્યારે વેચાણ કરવામાં આવે ત્યારે ખરીદનાર પાસેથી લાગુ પડતા દરે (જેના દર ૧% થી ૫% છે.) TCS વસુલ કરવો પડે અને ભરવો પડે. TCS ના દર જેતે આઈટમ માટે અમને પુછી લેવા

(૩) TDS ની જોગવાઈ માફક જ આ રીતે ઉઘરાવેલો TCS સમયસર ભરવો પડે અને તેના ત્રિમાસીક સ્ટેટમેન્ટ પણ સમયસર ભરવા પડે, નહીંતર દંડ થાય.

(૪) જો ઉપરોક્ત વસ્તુઓનું વેચાણ કરનાર ખરીદનાર પાસેથી TCS ઉઘરાવે નહીં તો ઘરનો ટેક્ષ ભરવો પડે.

## (૧૧A) બુલીયન તથા જવેલરીના વેચાણમાં TCS :-

(૧) સોનું (Bullion) નું વેચાણ રોકડેથી રૂા. ૨ લાખથી વધુ રકમનું કરવામાં આવે અથવા

(૨) રૂા. ૫ લાખથી વધુ રકમના સોનાના દાગીના કે હીરાના દાગીનાનું વેચાણ રોકડેથી કરવામાં આવે.

(૩) તો વેચનારે ૧% લેખે ટેક્ષ ભરવો પડે. જે ખરીદનાર પાસેથી વસુલ કરવાનો રહે.

(૪) ઉપર પેરા (૧૧) માં લખેલી બાકીની જોગવાઈઓ આ વેચાણને પણ લાગુ પડે.

## (૧૨) ઉપરોક્ત TDS ની જોગવાઈ કોને લાગુ પડે :-

(૧) કંપની, ભાગીદારીપેઢી, ટ્રસ્ટ, માલિકીપેઢી ઓડીટેડ દરેક ને આ જોગવાઈ લાગુ પડે.

## (૧૨A) ઉપરોક્ત TCS ની જોગવાઈ કોને લાગુ પડે :-

કંપની, ભાગીદારી પેઢી, ટ્રસ્ટ, માલીકી પેઢી ઓડીટેડ કે નોન ઓડીટેડ દરેક ને જોગવાઈ લાગુ પડે

## (૧૩) TDS/TCS રકમ ભરવાની મુદત :-

(૧) જે મહિનામાં કપાત કરી હોય તે પછીના મહિના ની ૭ તારીખ સુધીમાં કરેલી કપાતની રકમ ભરી દેવી પડે દા.ત.:- ૧લી એપ્રિલ અને ૩૦મી એપ્રિલે કપાત કરી હોય તો ૭મી મે સુધીમાં ભરવી પડે.

(૨) હિસાબી વર્ષ પરૂ થતું હોય ત્યારે વર્ષના છેલ્લા મહિનામાં TDS કરી હોય તો TDS ની રકમ ૩૦મી એપ્રિલ સુધીમાં ભરવી પડે દા.ત.:- માર્ચ માસમાં વ્યાજ અને ભાડાની રકમ ચુકવી હોય કે જમા કરી હોય તેની કપાત ૩૦મી એપ્રિલ સુધીમાં ભરી શકાય.

## (૧૪) TDS કરી હોય તે માટેનું ક્વાર્ટરલી સ્ટેટમેન્ટ (TDS રીટર્ન) :-

(૧) ગમે તે કલમ હેઠળ TDS કરી હોય તેનું ત્રિમાસીક સ્ટેટમેન્ટ (રીટર્ન) ત્રિમાસીક હપ્તો પુરો થયા પછી ૧૫ દિવસની અંદર E ફાઈલીંગ કરવું ફરજિયાત છે.

(૨) આવું ત્રિમાસીક સ્ટેટમેન્ટ ૧૫ દિવસની મુદતમાં ભરી ન શકાય તો રોજના રૂા. ૨૦૦/- લેખે દંડ ભરવો પડે. અને આ દંડનું ચલણ ભરાય નહી ત્યાં સુધી ઈ-ફાઈલીંગ થઈ શકે નહિ એટલે સમયસર સ્ટેટમેન્ટ ભરવું ખુબ જરૂરી છે.

(૩) TDS કપાત કરનાર સાચી વિગતનું ત્રિમાસીક સ્ટેટમેન્ટ ભરે તોજ જેની કપાત થઈ હોય તેને TDS ની રકમ મજરે મળે. આની કાળજી લેવા માટે જેની TDS થઈ હોય તેમણે ઈન્કમટેક્ષની વેબસાઈટ ઉપરથી તેમના ખાતાનું 26AS સ્ટેટમેન્ટ લેવું પડે અને TDS મેળવવી પડે. જો થયેલ કોઈ TDS ની રકમ 26AS સ્ટેટમેન્ટમાં જમા ન આવતી હોય તો જેણે કપાત કરી હોય તેમનું ધ્યાન દોરીને તેમણે જે ભુલ કરી હોય તે અંગેનું રીવાઈઝ્ડ સ્ટેટમેન્ટ ફાઈલ કરાવવું પડે.

(૪) ઈન્કમટેક્ષ ખાતું તમારા 26AS સ્ટેટમેન્ટ માં TDS ની જે રકમ બતાવેલ હોય તેનીજ ટેક્ષ ક્રેડીટ આપે છે. એટલે જેમની TDS થઈ હોય તેમણે કાળજી લઈ 26AS સ્ટેટમેન્ટ બરોબર મેળવવું પડે.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



(૫) TDS કરનારની ખાસ ફરજ છે કે ત્રિમાસીક સ્ટેટમેન્ટ ભરે ત્યારે TDS ની જે રકમ સામે MISMATCH આવતું હોય તેની ખુટતી વિગત સુધારી લઇને દરેક TDS સામે MATCHED શબ્દ આવવો જોઇએ કારણ કે TDS ની રકમ સામે Matched લખાઇને આવે તે રકમ જે તે પાર્ટીના 26AS સ્ટેટમેન્ટમાં ઓટોમેટીક જમા થાય છે.

(૬) જે તે કપાત માટે ફોર્મ 16A કે 16 જે આપવાના છે તે પણ E ફાઇલીંગ કરેલા સ્ટેટમેન્ટ ના આધારે ઇ-મેઇલથી માંગવાના હોય છે. એટલે જેમની TDS થઇ હોય અને આવું 16A કે 16 નંબર નું ફોરમ મળેલું હોય અને તેમાં Mismatch લખેલું આવે તો ખાસ રસ લઇને TDS કરનાર પાસે રીવાઇઝડ સ્ટેટમેન્ટ ભરાવીને જે ભુલ થઇ હોય તે સુધરાવવી પડે.

(૭) પગાર કપાત કરનારે આવા ત્રિમાસીક સ્ટેટમેન્ટ ફોર્મ નંબર 24Q માં ભરવાના છે અને તે સિવાયની બાકીની બધી કપાતની રકમ માટે ત્રિમાસીક સ્ટેટમેન્ટ ફોર્મ 26Q માં ભરવાનું રહે છે.

(૮) પગાર કપાતનું છેલ્લું ત્રિમાસીક રીટર્ન 24Q એન્યુઅલ રીટર્ન તરીકે નું ભરવાનું રહેશે.

(૯) ફોર્મ 24Q કે ફોર્મ 26Q ત્રિમાસીક સ્ટેટમેન્ટ E ફાઇલીંગ થી ભરવાના છે. જેની CD બનાવીને ફોર્મ 27/27A સાથે જરૂરી ફી ભરીને ૧૫ દિવસની સમયમર્યાદામાં NSDL કે અન્ય માન્ય એજન્સીમાં ફાઇલ કરવા ફરજિયાત છે.

(૧૦) છેલ્લાં હપ્તાનું ફોર્મ 24Q/26Q સ્ટેટમેન્ટ તા. ૧૫/૫/૨૦૧૫ સુધી ભરવાનું રહે છે. એટલે માર્ચ માસની કપાત એપ્રીલમાં વહેલી ભરીને ચલણ સાથે TDS ની વિગતો અમને ૩૦-૪-૨૦૧૫ સુધીમાં આપવી

**(૧૫) ઇન્કમટેક્ષના દર :-**

(૧) ઇન્કમટેક્ષ નેટ કરપાત્ર આવક ઉપર ભરવાનો થાય છે અને અંગત કે HUF ના કેસમાં બાદ મળવાપાત્ર કપાતો ની રકમ બાદ કર્યા પછી જે રકમ વધે તે કરપાત્ર આવક ગણાય જેના ઉપર લાગુ પડતાં દરેથી ટેક્ષ લાગે.

(૨) ભાગીદારી પેઢીનાં કેસમાં ભાગીદારોની મૂડી ઉપર ૧૨% સુધીની મર્યાદામાં આપેલી વ્યાજની રકમ તથા નિયમ પ્રમાણે વર્કીંગ પાર્ટનર્સને આપેલો પગાર બાદ કર્યા પછી જે નેટ આવક વધે તે કરપાત્ર આવક ગણાય

(૩) કરપાત્ર આવક ઉપર ઇન્કમટેક્ષના દર નીચે પ્રમાણે છે.

## ※ સને ૧૪-૧૫ (એસએસમેન્ટ યર ૨૦૧૫-૧૬) માટે ※

| (૧) વ્યક્તિ (સ્ત્રી કે પુરૂષ) અને HUF ના કેસમાં | ટેક્ષનો દર | એજ્યુ. સેસ |
|---|---|---|
| (૧) શરૂઆતના રૂા. ૨,૫૦,૦૦૦ સુધી | માફી છે. | - |
| (૨) રૂા. ૨૫૦૦૦૧ થી રૂા. ૫૦૦૦૦૦ સુધી | ૧૦ % | ૩ % |
| (૩) રૂા. ૫૦૦૦૦૧ થી રૂા. ૧૦,૦૦,૦૦૦ સુધી | ૨૦ % | ૩ % |
| (૪) રૂા. ૧૦,૦૦,૦૦૧ થી વધુ | ૩૦ % | ૩ % |
| **(૨) ૬૦ વર્ષ થી ૮૦ વર્ષ સુધીના પુરૂષ અને સ્ત્રીના કેસમાં** | | |
| (૧) પ્રથમ રૂા. ૩,૦૦,૦૦૦ સુધી | માફી છે. | - |
| (૨) રૂા. ૩,૦૦,૦૦૧ થી રૂા. ૫૦૦૦૦૦ સુધી | ૧૦ % | ૩ % |
| (૩) રૂા. ૫૦૦૦૦૧ થી રૂા. ૧૦,૦૦,૦૦૦ સુધી | ૨૦ % | ૩ % |
| (૪) રૂા. ૧૦,૦૦,૦૦૧ થી વધુ | ૩૦ % | ૩ % |
| **(૩) ૮૦ વર્ષ થી ઉપરના પુરૂષ અને સ્ત્રીના કેસમાં** | | |
| (૧) પ્રથમ રૂા. ૫,૦૦,૦૦૦ સુધી | માફી છે. | - |
| (૨) રૂા. ૫,૦૦,૦૦૧ થી રૂા. ૧૦,૦૦,૦૦૦ સુધી | ૨૦ % | ૩ % |
| (૩) રૂા. ૧૦,૦૦,૦૦૧ થી વધુ | ૩૦ % | ૩ % |

| (૪) ભાગીદારી પેઢી કે LLP માટે | ટેક્ષનો દર | એજ્યુ. સેસ |
|---|---|---|
| (૧) કોઇ આવક માફ નથી. | - | - |
| (૨) તમામ કરપાત્ર આવક ઉપર | ૩૦ % | ૩ % |
| (૩) LLP તથા પેઢી ના કેસમાં ઇન્કમટેક્ષ કાયદા-પ્રમાણે બાદ મળવાપાત્ર રકમના કારણે નફાની રકમ ઓછી થતી હોય તો નફાની રકમ ઉપર ઓલ્ટરનેટ મીનીમમ ટેક્ષ (AMT) | ૧૮.૫ % | ૩ % |
| **(૫) પ્રાઇવેટ કે પબ્લીક લીમીટેડ કંપની માટે** | | |
| (૧) કોઇ આવક માફ નથી | - | - |
| (૨) તમામ કરપાત્ર આવક ઉપર | ૩૦ % | ૩ % |
| (૩) MAT નો દર | ૧૮.૫ % | ૩ % |

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com



**નોટ :-**

(૧) અંગત તથા HUF ને ૨૦ લાખથી વધુ આવક હોય તો AMT લાગુ પડે.

(૨) જો આવક રૂા. ૧ કરોડથી વધુ હોય તો ટેક્ષની રકમના ૧૦% સરચાર્જ લાગે.

(૩) વ્યકિતના કેસમાં ટેક્ષેબલ આવક રૂા. ૫,૦૦,૦૦૦/- સુધીની હોય તો ભરવા પાત્ર ઈન્કમટેક્ષ માં રૂા.૨૦૦૦ સુધીના ટેક્ષની રીબેટ મળવા પાત્ર છે.

**(૧૬) કુલ આવકમાંથી બાદ મળવાપાત્ર કપાતો :-**

**(૧) સ્ત્રી કે પુરૂષ તથા HUF ના કેસમાં :-**

(૧) LIC, P.P.F, બે બાળકો સુધીની સ્કુલ ફી, હાઉસીંગ લોનના ભરેલા હપ્તાની રકમ, NSC વિ મળીને રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીની રકમ બાદ મળે છે.

(૨) મેડીક્લેમની રકમ ભરતા હોય તેમને રૂા. ૧૫૦૦૦/- સુધીની રકમ બાદ મળે છે. અને સીની સીટીઝન આવી મેડીક્લેમની રકમ ભરતા હોય તો રૂા. ૨૦,૦૦૦/- સુધી બાદ મળે છે.

(૩) ખોડ-ખાંપણ માટે નીયમ પ્રમાણે રૂા. ૫૦,૦૦૦/- કે ૧૦૦,૦૦૦/- ની રકમ બાદ મળે છે.

(૪) 80G માફી સર્ટીફીકેટ ધરાવતી સંસ્થાને આપેલા દાનની રકમના ૫૦% રકમ બાદ મળે પણ કુ આવકના ૧૦% થી વધુ રકમનું દાન આપેલ હોય તો ૧૦% ની મર્યાદામાં કપાત બાદ મળે. આ દાનની રકમ રૂા. ૧૦ હજાર થી વધુ હોય તો A/C Pay ચેક/ડી.ડી. થી દાન આપેલ હોય જ બાદ મલે.

**(૨) ભાગીદારી પેઢી માટે :-**

(૧) ભાગીદારોની મૂડી ઉપર ભાગીદારી દસ્તાવેજની જોગવાઇ મુજબ ૧૨% સુધીની મર્યાદામાં આપે વ્યાજની રકમ બાદ મળે.

(૨) તેવી જ રીતે ભાગીદારી દસ્તાવેજમાં જોગવાઇ કરી હોય તો બુક પ્રોફીટની રકમમાંથી ભાગીદાર આપેલ નીચે પ્રમાણે પગારની રકમ બાદ મળે.

(૧) જો આવક રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી હોય તો ૧૦૦% પ્રમાણે

(૨) જો આવક રૂા. ૧,૫૦,૦૦૦/- કરતાં વધુ હોય પરંતુ રૂા. **૩,૦૦,૦૦૦/- સુધી હોય કુલ આવકના ૯૦% પ્રમાણે**

(૩) જો આવક રૂા. **૩,૦૦,૦૦૦/- થી વધુ હોય તો આવી વધારાની આવકની રકમ ૬૦% પ્રમાણે**

**(૧૭) P.A. નંબર (PAN) ની અગત્યતા :-**

(૧) વેપાર, ધંધો કે નોકરી કરતા હો કે બેંક ખાતું ખોલાવવું હોય કે કોઇ સ્થાવર મિલ્કત ખરીદવી હોય કે વેચ હોય કે ઈન્કમટેક્ષ ભરવો હોય કે ફોટો આઇડિન્ટીટી પ્રુફ આપવું હોય તો PAN વગર ચાલે તેમ નથી એ કે PAN હોવો જરૂરી અને ફરજિયાત છે.

(૨) PAN ખોટો લખવામાં આવે તો રૂા. ૧૦,૦૦૦/- નો દંડ થાય તેવી જોગવાઇ છે. માટે PAN સા લખવાની કાળજી લેવી. તે માટે PAN નો સીક્કો બનાવી જરૂર હોય ત્યાં લગાવવો સલાહભર્યું છે.

(૩) જેમને પોતાને મળતી રકમમાંથી TDS થવાની હોય તેમણે આવી રકમનું પેમેન્ટ કરનારને PAN ઝેરોક્ષ કોપી આપવી જરૂરી છે. જેથી Form 26Q / 24Q TDC રીટર્નમાં PAN લખવામાં ભૂલ પડે ન

(૪) પેમેન્ટ આપનાર તથા પેમેન્ટ લેનાર બંનેએ એક બીજાને મોકલવામાં આવતાં બીલ કે ઇન્વોઇસ ખાતાના ઉતારા કે પત્રવ્યવહાર કે દસ્તાવેજો વિગેરેમાં પોતાનો PAN લખવો જરૂરી છે.

(૫) ટ્રાન્સપોર્ટ નો ધંધો કરનારે ટ્રાન્સપોર્ટ રસીદમાં PAN છપાવવો હીતાવહ છે. જેથી TDS થાય નહીં.

(૬) સમગ્ર રીતે જોઇએ તો PAN આઇડિન્ટીટી નું કામ કરે છે. તે સ્વીકારવું રહ્યું.

**(૧૮) TDS ના ત્રિમાસીક સ્ટેટમેન્ટ સમયસર ના ભર્યા હોય કે ખોટાં ભરેલ હોય તેના માઠા ફળ (જે TDS થઇ હોય તેમના કેસ માટે) :-**

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



(૧) જેની TDS થઇ હોય તેની ક્રેડીટ TDS કરનારે ભરેલા ત્રિમાસીક સ્ટેટમેન્ટ 24Q / 26Q ઉપરથી મળશે એટલે TDS કરનારે આવા ત્રિમાસીક સ્ટેટમેન્ટ ભર્યા ના હોય કે તેમાં પુરી વિગત ભરી ન હોય તો TDS ની ક્રેડીટ મળશે નહીં.

(૨) ઇન્કમટેક્ષ ખાતાની સીસ્ટમ પ્રમાણે TDS કરનારે ભરેલા 26Q / 24Q ત્રિમાસીક સ્ટેટમેન્ટમાં જે PAN લખેલો હોય તે PAN ના ખાતામાં આવી TDS ની રકમ જમા થાય છે.

(૩) FORM 26AS માં TDS ની ક્રેડીટ લેવાની હોય તેમના એસેસમેન્ટ વખતે ઇન્કમટેક્ષ ખાતાની સીસ્ટમ મુજબ જે TDS ની રકમ જમા થઇ હશે તેની જ ક્રેડીટ મળશે.

(૪) દરેક PAN ધરાવનાર પોતાના ખાતામાં જમા થયેલી TDS ની રકમ જાણવી હોય તો ઇન્કમટેક્ષ ખાતાની વેબસાઇટ ઉપરથી પોતાનું રજીસ્ટ્રેશન કરાવીને Form 26AS ડાઉનલોડ કરીને જોઇ શકે છે અને TDS ની જે રકમ જમા આવતી ના હોય તે માટે TDS કરનાર સાથે સંપર્ક કરી ત્રિમાસીક સ્ટેટમેન્ટ જરૂર મુજબ રીવાઇઝ્ડ કરાવીને પોતાના Form 26AS ના ખાતામાં આવી TDS ની રકમ જમા મેળવી શકે છે.

(૫) ત્રિમાસીક સ્ટેટમેન્ટ ભરનારે જેની TDS થઇ હોય તેનો PAN સાચો લખવો જરૂરી છે કારણ ખોટો PAN લખાય તો Form 26AS માં આ વિગત આવે નહીં.

(૬) TDS કરનાર પાસેથી Form 16-A (પગારની આવક માટે Form No.16) મેળવી લેવું જોઇએ અને આ ફોર્મમાં જો MISMATCH લખેલુ હોય તો TDS કરનારે ભરેલા ફોર્મ 24Q / 26Q માં કાંઇક ભૂલ કરેલી છે તેમ સમજવું એટલે તેમનો સંપર્ક કરી જરૂર મુજબ રીવાઇઝડ સ્ટેટમેન્ટ ફાઇલ કરાવવું જોઇએ.

(૭) Form 16-A/16 TDS કરનારે 26Q / 24Q ભરેલા સ્ટેટમેન્ટ ઉપરથી જનરેટ થાય છે.

## (૧૯) TDS કપાત ના કરવાથી કે મોડી ભરવાથી થતું આર્થિક નુકશાન :-

(૧) TDS કરવાની હોય પણ કરી ના હોય તો અથવા TDS કરી હોય અને સમય મર્યાદામાં ભરી ના હોય તો આવું ખર્ચ બાદ મળે નહી જેથી આવક તેટલી વધે. અને વધારાનો ટેક્ષ ભરવો પડે.

(૨) રીટર્ન ભરતાં પહેલાં પૂરી ચોકસાઇ કરી કોઇ TDS ની રકમ કરવાની રહી ગઇ હોય કે ભરવાની રહી ગઇ હોય તો રીટર્ન ભરવાની તારીખ પહેલાં વ્યાજ સાથે ભરી દેવાથી આવુ ખર્ચ આવકમાં ઉમેરાશે નહીં.

**(૩) રીટર્ન ભરવાની તારીખ એટલે ઓડીટ ના કરાવતી પેઢીઓ માટે ૩૧મી જુલાઇ અને ઓડીટ કરાવતી પેઢીઓ માટે ૩૦મી સપ્ટેમ્બર સમજવી.**

**(૪) હવે આ નિયમમાં થોડી છુટછાટ આપી છે. તે મુજબ જેની TDS કરવાની રહી ગઇ હોય તેણે તેની આવકનો બધો ઇ.ટેક્ષ ભરી દીધો છે તેવું C.A. નું સર્ટીફીકેટ રજુ કરવામાં આવેતો આવી રકમ આવકમાં નહી ઉમેરાય.**

## (૨૦) ફરજિયાત ઓડીટ - કલમ 44AB :-

(૧) વેપાર ધંધો કરતાં દરેકે જો તેમનું ટર્ન ઓવર (ખરીદ કે વેચાણ કે રીસીપ્ટ) રૂા. ૧ કરોડ થી વધુ હોય તો હિસાબી ચોપડા ઓડીટ કરાવવા ફરજિયાત છે.

(૨) પ્રોફેશન કરતાં એટલે કે વકીલ, એન્જીનીયર, ડૉક્ટર, C.A વિગેરે પ્રોફેશનલ સર્વિસ આપનારે વર્ષ દરમ્યાન કુલ રીસીપ્ટસ રૂા. ૨૫ લાખથી વધુ હોય તો ઓડીટ કરાવવું ફરજિયાત છે.

(૩) ધંધાનું ટર્ન ઓવર રૂા. ૧ કરોડ થી ઓછું હોય તો ૮% લેખે નફો બતાવવો જોઇએ પણ જો આ રીતે નફો **૮% થી ઓછો હોય અને ટેક્ષેબલ આવક હોય તો ઓડીટ ફરજિયાત છે. કારણ કે ઓડીટ કરાવેલ હોય તો જ ૮% થી ઓછા નફાનું રીટર્ન ભરી શકાય.**

(૪) ઓડીટ કરાવવું ફરજિયાત હોય અને ઓડીટ કરાવવામાં ના આવે તો રૂા. ૧,૫૦,૦૦૦/- સુધીનો દંડ થાય.

## (૨૧) રૂા. ૧ કરોડ થી ઓછું ટર્ન ઓવર હોય તો ૮% નફાની જોગવાઇ - કલમ 44AD :-

(૧) અંગત કે એચ.યુ.એફ. કે ભાગીદારી પેઢી વેપાર ધંધો કરતાં હોય તો લાગુ પડે.

(૨) રીસેલર કે હોલસેલર કે મેન્યુફેક્ચરર બધા ને લાગુ પડે. પરંતુ પ્રોફેશનલ પર્સન, કમીશન એજન્ટ, બ્રોકર તથા એજન્સી બીઝનેસને લાગુ ના પડે.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



(૩) ધંધાનું ટર્ન ઓવર રૂા. ૧ કરોડ થી ઓછું હોય તેમણે ૮% પ્રમાણે નેટ નફો ગણી ઇન્કમટેક્ષ ભરવો પડે
(૪) ભાગીદારી પેઢી ને આવી ૮% ની રકમ માંથી ભાગીદારોની મૂડી નું વ્યાજ તથા વર્કીંગ પાર્ટનર નો પગ
બાદ મળવાપાત્ર છે.
(૫) આ રીતે નફાની જે રકમ નક્કી થાય તેમાંથી વિમો વિગેરે રૂા. ૧,૫૦,૦૦૦ સુધીની કપાત તથા મેડીક્લે
અને ડોનેશનની રકમ વિગેરે બાદ મળવાપાત્ર કપાત ની રકમો બાદ મળશે.
(૬) આવા વેપારીઓને એડવાન્સટેક્ષ ભરવા માંથી મુક્તિ આપી છે.
(૭) **જે વેપારીઓને કુલ ટર્ન ઓવર ના ૮% પ્રમાણે નેટ નફો ના થતો હોય અને તેમને રીટર્નમાં ૮ પ્રમાણે આવકનો ઈન્કમટેક્ષ ભરવો ન હોય તેમણે તેમનું ટર્ન ઓવર રૂા. ૧ કરોડ થી વધારે ન હો તો પણ ફરજિયાત હિસાબોનું ઓડીટ કરાવી રીટર્ન ભરવાની તારીખ પહેલાં ઓડીટ રીપોર્ટ મેળવી ડીજીટલ સીગ્નેચરથી રીટર્ન નું ઇ-ફાઇલીંગ કરવાનું રહે.**

**(૨૨) ધંધા માં વપરાતી મિલ્કત ના ઘસારાના દર નીચે મુજબ છે :-**

(૧) (૧) મકાન / ગોડાઉન ૧૦% (૨) પ્લાન્ટ અને મશીનરી ૧૫% (૩) ફર્નિચર એન્ડ ડેડ સ્ટોક ૧૦
(૪) ટ્રાન્સપોર્ટનાં ધંધા માં વપરાતી ટ્રક ૩૦% (૫) કમ્પ્યુટર તથા સોફ્ટવેર ૬૦% (૬) કાર/સ્કુટર ૧૫
(૨) ઉત્પાદન માટે વપરાતા નવા પ્લાન્ટ અને મશીનરી ઉપર ૨૦% લેખે વધારાનો ઘસારો બાદ મળવાપાત્ર
(૩) જે મિલકત ધંધા માટે ૧૮૦ દિવસ થી ઓછા સમય માટે વપરાશમાં લીધી હોય તેના ઉપર ઘસારાનો
તથા વધારાના ઘસારાનો દર અડધો ગણાશે.

**(૨૩) ઇન્કમટેક્ષ રીટર્ન ભરવાની મુદ્દત :-**

(૧) **જે વેપારીઓને ફરજિયાત ઓડીટ કરાવવું જરૂરી નથી તેમના કેસમાં તારીખ ૩૧-૭-૨૦૧૫ સુધી રીટર્ન ભરવું જરૂરી છે.**
(૨) **જે વેપારીઓને ફરજિયાત ઓડીટ કરાવવું જરૂરી છે. તેમણે તારીખ ૩૦-૯-૨૦૧૫ સુધીમાં રીટ ભરવું જરૂરી છે.**
(૨A) જે વેપારીઓને ઇન્ટરનેશનલ કે ડોમેસ્ટીક ટ્રાન્ઝેકશન માટે કલમ 92-E હેઠળ ઓડીટ રીપોર્ટ મેળવવા
હોય તેમણે તારીખ ૩૦-૧૧-૨૦૧૫ સુધીમાં રીટર્ન ભરવું જરૂરી છે.
(૩) **જે વેપારીઓને ધંધામાં નેટ નુકશાન હોય અને સમયસર રીટર્ન ભરે નહીં તો આવું નુકશાન પછી વર્ષોમાં આગળ ખેંચી શકાશે નહીં.**
(૪) **ટેક્ષેબલ આવક હોય અને નાણાંકીય વર્ષ પુરૂ થાય ત્યાં સુધીમાં રીટર્ન ભરવામાં ના આવે તો થાય એટલે સમયસર રીટર્ન ભરવું જરૂરી છે.**
(૫) એટલે સને ૨૦૧૩-૧૪ (A.Y. 2014-15) ના રીટર્ન જેમના ભરવાના બાકી હોય તેમણે તારીખ ૩૧-
૨૦૧૫ પહેલાં રીટર્ન ભરાવી દેવા નહીંતર દંડ થાય.

**(૨૪) રીટર્ન નું ફરજિયાત E ફાઈલીંગ :-**

(૧) **જે વેપારીઓ ફરજિયાત ઓડીટ કરાવતા હોય તેમણે તથા ભાગીદારી પેઢી એ E ફાઈલીંગ ડીજીટલ સીગ્ને થી કરવું ફરજિયાત છે.**
(૨) **દરેક કંપનીએ પણ E ફાઈલીંગ થી રીટર્ન ભરવું ફરજિયાત છે.**
(૩) અંગત/HUF ની આવક રૂા. ૫,૦૦,૦૦૦/- પાંચ લાખથી વધુ હોય તેમણે E ફાઈલીંગથી રીટર્ન ભ
ફરજીયાત છે.
(૪) જેમને ફરજિયાત E ફાઈલીંગ લાગું પડતું ના હોય તેઓ મરજિયાત રીતે E ફાઈલીંગ થી રીટર્ન ભરી શ
(૫) ટ્રસ્ટનું રીટર્ન E ફાઈલીંગ થી ભરવું ફરજીયાત છે.

**(૨૫) ડીજીટલ સીગ્નેચર :**

(૧) જે વેપારીઓના કેસમાં ઓડીટ કરાવવાનું થતું હોય તેમણે તથા વેલ્થટેક્ષનું રીટર્ન ભરવાનું હોય તે
ફરજીયાત ડીજીટલ સીગ્નેચરથી રીટર્ન ભરવું પડે.
(૨) સરકારશ્રીએ ઇ-ટોકન વાળી ડીજીટલ સીગ્નેચરથી ઓડીટવાળા કેસોમાં રીટર્ન ભરવાનું ફરજીયાત કરેલ

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



(૩) એટલે જે વેપારી ભાઇઓએ સને ૨૦૧૩-૧૪ના વર્ષના ડીજીટલ સીગ્નેચર બે વર્ષની મુદ્તની લીધી હોય તેઓ આ ડીજીટલ સીગ્નેચર થી સને ૧૪-૧૫ નું રીટર્ન ભરી શકશે પણ જે વેપારી ભાઇઓએ એક વર્ષ માટે ડીજીટલ સીગ્નેચર લીધી હોય અને તેની મુદ્ત પુરી ગઇ હોય તેમણે નવી ડીજીટલ સીગ્નેચર લેવી પડે.

(૪) ડીજીટલ સીગ્નેચર ઇ-ટોકન માટે અરજી કરીએ પછી ૪-૫ દિવસે ઇ-સીગ્નેચર મલે છે. એટલે વહેલાસર અરજી કરવી હીતાવહ છે. નહીંતર છેલ્લા દિવસોમાં રીટર્ન ઇ-ફાઇલીંગ માટે તૈયાર હોયતો પણ જો ડીજીટલ સીગ્નેચર નહીં આવી હોય તો રીટર્ન ભરી શકાશે નહીં અને પરિણામે દંડ થાય કે લોસ મજરે ન મલે.

**(૨૬) ટેક્ષ ફ્રી આવક મેળવવા માટે કરેલા ખર્ચા :-**

(૧) કંપની માંથી મળતું ડીવીડન્ડ તથા મ્યુચ્યુઅલ ફંડ ના રોકાણમાંથી મળતી આવક ટેક્ષ ફ્રી છે. એટલે આ આવક મેળવવા માટે જે ખર્ચા કરેલા હોય તે બાદ મળે નહીં.

(૨) STT પાત્ર શેરો કે મ્યુચ્યુઅલ ફંડ ખરીદ તારીખના ૧૨ મહિના પછી વેચાણ થાય તો લોંગ ટર્મ કેપીટલ-ગેઇન ટેક્ષ લાગતો નથી. એટલે આ આવક અંગે પણ જે ખર્ચાઓ થયા હોય તે બાદ મળે નહીં.

(૩) સામાન્ય રીતે આવી ટેક્ષ ફ્રી આવકના ખર્ચમાં વ્યાજનો ખર્ચ હોય છે. અન્ય ખર્ચા હોય તે પ્રોપોર્શનેટ (સરાસરી પ્રમાણે) ગણાશે.

(૪) જે રોકાણ ની આવક ટેક્ષેબલ ન હોય તેમાં કરેલા રોકાણ ઉપર ભરેલ વ્યાજ બાદ મળે નહિં.

(૫) એટલે આ રીતે જે ખર્ચ બાદ મળવાપાત્ર ન હોય તે ખર્ચ રીટર્ન ભરતી વખતેના મંજુર કરી આવકમાં ઉમેરવું

**(૨૭) મિલ્કત ભાડાની આવક :-**

(૧) રહેવાનું એક મકાન માફ છે. પણ જો એકથી વધારે રહેવાના મકાન હોય તો બીજા મકાનો માટે એન્યુઅલ વેલ્યુની રકમ આવક ગણાશે.

(૨) એન્યુઅલ વેલ્યુની રકમ નક્કી કરવા માટે મ્યુનીસીપલ ટેક્ષ માટે થયેલી ભાડા આકારણીની રકમ અને મિલ્કત ભાડે આપી હોય તો ભાડાની રકમ એ બે માંથી જે વધુ હોય તે એન્યુઅલ વેલ્યુ ગણાય.

(૩) દુકાન/ઓફીસ કે ગોડાઉન ધંધા માટે વપરાતા ના હોય અને ભાડે આપેલા ના હોય અને ખાલી હોય તો તેવી મિલ્કતની 'એન્યુઅલ વેલ્યુ' આવક ગણાય.

(૪) મિલ્કત ભાડાની જે આવક થાય તેમાંથી ૩૦% રકમ બાદ મળે છે. ઉપરાંત **મ્યુનીસીપલ ટેક્ષની ભરેલી રકમ તથા રહેવાના મકાન માટે હાઉસીંગ લોન ઉપર રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી ભરેલું વ્યાજ બાદ મળે છે.**

(૫) કોઇપણ મકાનના મેઇન્ટેનન્સની રકમ ભરેલી હોય તો તેવી કોઇ રકમ બાદ મળતી નથી.

**(૨૮) કેપીટલ ગેઇન-મૂડી-મિલ્કત નો નફો (લોંગ ટર્મ) :-**

(૧) કંપનીના ઇક્વીટી શેરનું ખરીદ કર્યાના બાર મહિના પછી વેચાણ થાય અને આવા વેચાણ ઉપર જો STT (સીક્યોરીટી ટ્રાન્ઝેક્શન ટેક્ષ) લાગેલ હોય તો જે નફો થાય તે લોંગ ટર્મ કપીટલ ગેઇન તરીકે માફ છે.

(૨) લીસ્ટેડ કંપનીના શેર, ખરીદ કર્યાના બાર મહિના પછી વેચાણ થાય પરંતુ તેના ઉપર જો STT લાગેલ ન હોય તો તેવા નફા ઉપર (મૂળ કિંમત બાદ કર્યા પછી) ૧૦% પ્રમાણે લોંગ ટર્મ કેપીટલ ગેઇન ટેક્ષ લાગે.

(૩) સ્થાવર કે અન્ય જંગમ મિલ્કત ખરીદી ની તારીખથી ૩૬ મહિના પછી વેચવા માં આવે તો ઇન્ડેક્ષ કોસ્ટ બાદ કરતાં જે નફો રહે તેના ઉપર લોંગ ટર્મ કેપીટલ ગેઇન ટેક્ષ લાગે.

(૪) લોંગ ટર્મ કેપીટલ ગેઇન ટેક્ષનોદર ૨૦% છે. અનેટેક્ષની જે રકમ થાય તેના ઉપર ૩% એજ્યુકેશનશેસ લાગે.

(૫) લોંગ ટર્મ કેપીટલ ગેઇનના નફાની રકમ (રૂા. ૫૦ લાખ) સુધીની છ માસની અંદર કેપીટલ બોન્ડ માં રોકાણ કરવામાં આવે તો કેપીટલ ગેઇન ટેક્ષ લાગે નહીં.

(૬) મિલ્કત વેચાણના ૧ વર્ષ પહેલાં કે વેચાણ પછી બે વર્ષમાં મિલ્કતના વેચાણની રકમ જેટલું રોકાણ નવા રહેવાના મકાનની ખરીદીમાં કરવામાં આવે કે ૩ વર્ષમાં રહેવાનું નવું મકાન બનાવવામાં આવે તો લોંગ ટર્મ કેપીટલ ગેઇન ટેક્ષ લાગે નહીં. **આ અંગે વેપારી ભાઇઓએ રૂબરૂ મલવું.**

(૭) નોન રેસીડેન્ટના કેસમાં ઉપરોક્ત જોગવાઇ લાગુ પડતી નથી પણ ફ્લેટ રેટથી ટેક્ષ લાગે છે તે માટે જરૂર પ્રમાણે રૂબરૂ મળવું.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



**(૨૯) કેપીટલ ગેઈન-મૂડી-મિલ્કત નો નફો (શોર્ટ ટર્મ) :-**

(૧) જેના વેચાણ ઉપર STT ટેક્ષ લાગેલો હોય તેવા ઇક્વીટી શેર કે યુનીટ ખરીદીની તારીખ થી ૧૨ મહિના અંદર વેચવામાં આવે તો શોર્ટ ટર્મ કેપીટલ ગેઇન ટેક્ષ ૧૫% લાગે અને ટેક્ષ ની રકમના ૩% એજ્યુકેશ શેસ લાગે.

(૨) જે કંપની ના શેર / યુનિટ ઉપર STT ટેક્ષ લાગેલો ના હોય તેવા વેચાણ નો નફો કુલ આવક માં ગણા અને લાગુ પડતા દરે ટેક્ષ લાગે.

(૩) નવી કંપનીના ઇસ્યુ ભરવાનું કે બજારમાંથી શેર ખરીદવા વેચવાનું વારંવાર બનતું હોય કે ઉછીની લોનમાં રોકાણ કરેલ હોય તો ઇન્વેસ્ટમેન્ટ નહીં ગણાતાં ધંધાની આવક ગણાય તેવું ઇન્કમટેક્ષ ખાતાનું માનવું

(૪) અન્ય સ્થાવર કે જંગમ મિલ્કત ખરીદી ની તારીખ થી ૩૬ મહિના પહેલા વેચવામાં આવે તો જે નફો થા તેના ઉપર રૂટીન દરે ઇન્કમટેક્ષ લાગે.

(૫) નોન રેસીડેન્ટ માટે ઉપરોક્ત જોગવાઇ લાગુ પડતી નથી એટલે જરૂર પ્રમાણે રૂબરૂ મલવું.

**(૩૦) મળેલી બક્ષીસ ઉપર ભરવાનો ઇન્કમટેક્ષ :-**

(૧) નક્કી કરેલા સગા સિવાયની વ્યક્તિ કે HUF પાસેથી વર્ષ દરમ્યાન રૂા. ૫૦,૦૦૦/-સુધી મળેલ બક્ષીસની રકમ માફ છે. પણ જો વર્ષ દરમ્યાન મળેલી બક્ષીસ ની રકમ રૂા. ૫૦,૦૦૦/- થી વધુ હો તો કોઇ રકમ માફ નથી એટલે આવી બક્ષીસની બધી રકમ આવકમાં ઉમેરાય.

(૨) લગ્ન પ્રસંગે કે વીલ હેઠળ બક્ષીસની રકમ ગમે તેટલી મળી હોય તે માફ છે.

(૩) નીચેના સગા પાસેથી મળેલી ગમે તેટલી બક્ષીસની રકમ માફ છે. :-
(૧) માતા-પિતા (૨) દાદા-દાદી (૩) પરદાદા-પરદાદી (૪) સાસુ-સસરા (૫) વડસાસુ-વડસસ
(૬) ભાઇ-ભાભી (૭) બેન-બનેવી (૮) સાળા-સાળા ની વહુ (૯) સાળી-સાઢુ (૧૦) કાકા-કા
(૧૧) ફઇબા-ફુઆ (૧૨) મામા-મામી (૧૩) માસા-માસી (૧૪) પુત્ર-પુત્રવધુ (૧૫) દીકરી-જમા
(૧૬) દેરાણી-દેર (૧૭) દીયર-ભોજાઇ (૧૮) નણંદ-નણદોયા (૧૯) જેઠ-જેઠાણી

(3A) સને ૨૦૧૨ ના બજેટમાં કરેલા સુધારા મુજબ H.U.F. નો સમાવેશ રીલેવટીવ-સગા- ની વ્યાખ્યા ઉમેરવામાં આવેલ છે. એટલે H.U.F. માંથી તેના સભ્યોને મળેલી ગમે તેટલી બક્ષીસ ની રકમ માફ છે.
<u>નોંધ :-</u> ઉપરના સગામાં (૧) કાકાજી-કાકીજી (૨) ફઇજી-ફુવાજી (૩) મામાજી-મામીજી (૪) માસાજી માસીજીનો સમાવેશ થાય છે કે નહીં તેનો મતભેદ ચાલે છે. એટલે આ સગાઓ પાસે થી બક્ષી લેવી નહીં તે હિતાવહ છે.

(૪) પતિ-પત્નિ એ એક બીજાને તથા સાસુ-સસરા એ પુત્રવધુ ને આપેલી બક્ષીસ ની રકમ માંથી થતી આવ બક્ષીસ આપનારની આવકમાં ઉમેરાય છે. તેથી તેવી ગીફ્ટ આપવી-લેવી સલાહભર્યું નથી.

(૫) સ્થાવર મિલ્કત, શેર, હીરા, મોતી, ઝવેરાત, બુલિયન, ડ્રોઇંગ, પેઇન્ટીંગ વિગેરે ની રૂા. ૫૦,૦૦૦/- થ વધુ કિંમતની બક્ષીસ સ્વીકારવામાં આવે તે આવક ગણાશે (ઉપર લખેલા સગા સિવાયના પાસેથી)

(૬) રોકડ અને જંગમ વિગેરે મિલ્કતની વર્ષ દરમ્યાન મળેલી બધી બક્ષીસની રકમ રૂા. ૫૦,૦૦૦/- ન મર્યાદામાં ભેગી ગણાય.

**(૩૧) ટેક્ષનું E પેમેન્ટ :-**

(૧) કંપની, ઓડીટ કરાવતી ભાગીદારી પેઢી, ઓડીટ કરાવતી વ્યક્તિ/ H.U.F. પેઢી વિગેરે એ TDS ની રક કે એડવાન્સટેક્ષ કે અન્ય ઇન્કમટેક્ષની કોઇપણ રકમ ભરવાની હોય તેનું E પેમેન્ટ કરવું ફરજિયાત છે.

(૨) જમાનો E ટેક્નોલોજીનો છે. એટલે ઉપર પ્રમાણે E પેમેન્ટ કરવું ફરજિયાત ન હોય તો પણ E પેમેન્ટ થી ટે ભરવા સલાહ છે. કારણ બેંકમાં જવાનું રહે નહીં અને બેંક વાળા ચલણ ઉપર જે સિક્કા મારે છે તે સ્પ વાંચી શકાય તેવા ઓછા હોય છે. જો બેંકમાં ચલણ ભરો તો ચલણની કોમ્પ્યુટર કોપી અચુક માંગી લેશો.

**(૩૨) આટલું કરશો નહી :-**

(૧) માલની ખરીદી કે ધંધા અંગેના ખર્ચા નું રૂા. ૨૦,૦૦૦/- થી વધુ રકમ નું પેમેન્ટ એકાઉન્ટ પેઇ ચેક ડી.ડી. સિવાય કરવું નહીં નહીંતર ખર્ચ તરીકે બાદ મળશે નહીં.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



(૨) માલની ખરીદી અને ધંધા અંગેના ખર્ચનું રૂા. ૨૦,૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ વેચનાર વેપારીના બેંક ખાતામાં રોકડે થી ભરવામાં આવે તો આવુ પેમેન્ટ રોકડામાં કર્યાનું ગણાય તેવો વિવાદ શરૂ થયો છે. એટલે આ સંજોગોમાં વેચનારના ખાતામાં રોકડ રકમ ન ભરતા એકાઉન્ટ પેઇ ચેક, ડી.ડી. કે પેઇ-ઓર્ડર થી જ રકમ ભરવી હીતાવહ છે.

(૩) રૂા. ૨૦,૦૦૦/- થી વધુ રકમની લોન કે ડીપોઝીટ એકાઉન્ટ પેઇ-ચેક/ડી.ડી. સિવાય લેવી નહી.

(૪) જે ખાતામાં લોન કે ડીપોઝીટની રકમ રૂા. ૨૦,૦૦૦/- થી ઓછી હોય પણ નવી રકમ લેવાથી ખાતાની કુલ રકમ રૂા. ૨૦,૦૦૦/- થી વધુ થાતી હોય તો તે એકાઉન્ટ પેઇ ચેક/ડી.ડી. સિવાય લેવી નહીં.

(૫) જે ખાતામાં રૂા. ૨૦,૦૦૦/- થી વધુ લોન/ડીપોઝીટ જમા હોય તે ખાતામાંથી એકાઉન્ટ પેઇ ચેક / ડી.ડી. સિવાય એક રૂપિયા નું પણ પેમેન્ટ રોકડે થી કે હવાલા થી કરી શકાય નહીં.

(૬) એકજ ટ્રાન્સપોર્ટર ને માલનાં ટ્રાન્સપોર્ટેશન માટે રૂા. ૩૫,૦૦૦/- થી વધુ રકમનું પેમેન્ટ એકાઉન્ટ પેઇ ચેક/ડી.ડી. સિવાય કરવું નહીં, નહીંતર ખર્ચ તરીકે બાદ મળશે નહીં.

(૭) ઉપર ૩ થી ૫ માં જે જોગવાઇ છે. તેનો ભંગ કરવા માટે આખી રકમની પેનલ્ટી થાય જેમ કે રૂા. ૨૦,૦૦૦/- ઉપરના કોઇ ખાતામાં રૂા. ૨૫ કે રૂા. ૨૫ લાખ રોકડા જમા લેવામાં આવે તો રૂા. ૨૫ કે રૂા. ૨૫ લાખ ની પેનલ્ટી થાય અને તેવી જ રીતે આવા ખાતામાંથી રોકડે થી જે પેમેન્ટ કરવામાં આવે તેની પણ તેટલી રકમની પેનલ્ટી થાય.

(૮) એકાઉન્ટ પેઇ ચેક કે એકાઉન્ટ પેઇ ડીડી સીવાય ECS (ઇલેકટ્રીક કલીયરીંગ સીસ્ટમ) થી નાણાં જમા કરાવ્યા હોયતો તે નવા સુધારા પ્રમાણે માન્ય કરેલા છે.

## (૩૩) આવકમાંથી બાદ મળવાપાત્ર કપાત રીટર્નમાં કલેઇમ કરવામાં ના આવે તેના પરિણામો :-

(૧) આવકમાંથી બાદ મળતી રકમો જેવી કે LIP / PPF / NSC / મેડીકલ ઇન્સ્યુરન્સ / ડોનેશન / બાળકોની સ્કુલ ફી વિગેરે કપાતો જો રીટર્નમાં બાદ માંગવામાં ના આવે તો બાદ મળશે નહીં.

(૨) એટલે રીટર્ન ભરતી વખતે બાદ મળવાપાત્ર રકમ ચોકસાઇપૂર્વક બાદ માંગવી જરૂરી છે.

(૩) કદાચ કોઇ કારણસર આવી કોઇપણ રકમ બાદ લેવી રહી ગઇ હોય તો તાત્કાલિક ટાઇમસર રીવાઇઝડ રીટર્ન ભરી બાદ માંગી શકાય.

## (૩૪) ભરેલ ટેક્ષ તથા TDS રીટર્ન માં કલેઇમ કરવામાં ન આવે તેના પરિણામો :-

(૧) ભરેલો એડવાન્સટેક્ષ તથા જે TDS થઇ હોય તે રકમ રીટર્નમાં બતાવવામાં ના આવે (કલેઇમ કરવામાં ન આવે) તો તેની ક્રેડીટ મળે નહીં.

(૨) એટલે કદાચ આવી ક્રેડીટ લેવી રહી ગઇ હોય તો ટાઇમસર રીવાઇઝ રીટર્ન ભરવું જોઇએ.

## (૩૫) રીવાઇઝડ રીટર્ન ભરવાની મુદ્દત :-

(૧) જે રીટર્ન ભરેલું હોય તેમાં પ્રમાણિક પણે કોઇ ભૂલચુક થઇ હોય કે કોઇ આવક બતાવવી રહી ગઇ હોય કે કોઇ ડીડકશન કલેઇમ કરવા રહી ગયા હોય તો જે તે આકારણી વર્ષ પુરૂ થયાના એક વર્ષમાં કે આકારણી પૂર્ણ થાય તે બે માંથી જે વહેલું હોય તે પહેલાં ભરી શકાય.

(૨) કદાચ કોઇ કારણસર શુધ્ધ બુધ્ધિથી આવું રીટર્ન સમયસર રીવાઇઝડ ના કરી શકાય તો જ્યારે ખબર પડે ત્યારે તુરંત જ આવું રીટર્ન રીવાઇઝડ કરવું સલાહભર્યું છે. જેથી શુધ્ધ બુધ્ધિ નું વર્તન દેખાડી શકાય.

(૩) **ઓરીજીનલ રીટર્ન જો ટાઇમસર ભરેલ ન હોય તો રીવાઇઝ રીટર્ન ભરી ન શકાય.**

## (૩૬) ઇન્કમટેક્ષ કાયદામાં કરવામા આવેલા કેટલાક અગત્યના સુધારાની ઝ _ લ _ ક :-

(૧) બે વર્ષ કે તેથી વધુ સમય ખેતી કરી હોય તેવી ખેતીની જમીનના વેચાણ ઉપર થતો કેપીટલ ગેઇન નવી ખેતીની જમીન ખરીદ કરવામાં રોકવામાં આવે તો કેપીટલ ગેઇન ટેક્ષ લાગે નહીં આ માટે અમને રૂબરૂ મલી સમજ મેળવી લેવી. આ લાભ હવે H.U.F. ના કેસમાં પણ આપવામાં આવેલ છે.

(૨) કલમ 80(G) હેઠળ બાદ લેવા પાત્ર ડોનેશનની રકમ રૂા. ૧૦ હજાર થી વધુ હોયતો એકાઉન્ટ પેઇ ચેક થી દાન આપેલું હોય તોજ રકમ બાદ મળશે.

(૩) જીવન વીમાની પોલીસી ૧૦ વર્ષથી ઓછા સમય ગાળાની લેવામાં આવેતો વીમાની રકમ કલમ 80C હેઠળ

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



બાદ મળશે નહીં અને આવી વીમા ની પોલીસી પાકે ત્યારે જે રકમ મળે તે ટેક્ષેબલ આવક ગણાશે.

(૪) ચોપડામાં જમા કરેલી રકમ સમજાવી ન શકાય કે ઈન્કમટેક્ષ એસેસમેન્ટમાં આવકમાં ઉમેરવામાં આવે કોઇ રોકાણ કરેલું હોય કે ખર્ચ કરેલું હોય તેની વિગત આધાર સાથે સમજાવી ન શકાય અને ઈન્કમટે એસસમેન્ટમાં આવક તરીકે ઉમેરવામાં આવે તેવા કેસમાં આવી રકમો ઉપર ૩૦% ફ્લેટ દરથી ઈન્કમટે લાગશે અને આવકમાંથી બાદ મળવાપાત્ર રકમો બાદ મળશે નહીં. દા.ત. ૧ લાખ નેટ આવકનું રી ભરેલું હોય તો તેનાં ઉપર ઈન્કમટેક્ષ કાંઇ ભરવાનો આવે નહીં પણ જો તે કેસના એસેસમેન્ટમાં ચોપડે જ કરેલી રકમ રૂા. ૫ લાખ સમજાવી ન શકાય અને આવકમાં ઉમેરવામાં આવેતો આ ૫ લાખની રકમ ઉ સીધા ૩૦% ના ફ્લેટ દર થી રૂા. ૧ લાખ ૫૦ હજાર ઈ.ટેક્ષ ભરવો પડે.

**આ સુધારો ભવિષ્યમાં મુશ્કેલી ઉભી ન કરે તે માટે ચોપડામાં જે રકમ જમા કરવામાં આ તેના પુરાવા શરૂઆતથીજ વ્યવસ્થિત જોઇ લેવા જોઇએ અને તેવીજ રીતે ખર્ચ તથા રોકાણની ર વ્યવસ્થિત સમજાવી શકાય તેની વિશેષ કાળજી લેવી જોઇએ.**

(૫) સેવીંગ બેંક ખાતાનું વ્યાજ રૂા. ૧૦ હજારની મર્યાદામાં માફ મળે છે.

(૬) આવક વેરા રીટર્નમાં ભારત બહારની મિલ્કતોની વિગત દર્શાવવી ફરજીયાત કરેલ છે. પણ નોન રેસીડન્ કેસમાં આ જોગવાઇ લાગુ પડતી નથી.

(૭) છેલ્લા ત્રણ ચાર વર્ષમાં ઇલેક્ટ્રો-કોમ્પ્યુટર-ટેક્નોલોજી થી જે-જે વ્યવહારોમાં PA નંબર આપેલો હોય વ્યવહારો ઈન્કમટેક્ષ ખાતા પાસે જુદી-જુદી ચેનલ મારફત આવે છે તે ભેગા થાય છે. અત્યાર સુ ઈન્કમટેક્ષખાતા પાસે આ રીતે મેળવેલા ડેટા ના વેરીફીકેટશન માટે નેટવર્ક નહોતું પરંતુ છેલ્લાં એક વર્ષથી ઈન્કમટેક્ષ ખાતાએ આ અંગે અલગ ઓફીસ બનાવીને નેટવર્ક ઉભું કરેલું છે જેના લીધે આ અ નેટવર્ક થી વેપારીઓનો સીધો સંપર્ક કરી વેરીફીકેશન-વિગત માટે નોટીસો આવે છે. અને વેપારીભાઇઓ સજાગ કરવા માટે ઈન્કમટેક્ષ ખાતા તરફથી ૩૬૦° પ્રોફાઇલ ની જાહેરાતો પણ કરવામાં આવે છે. એ વેપારી ભાઇઓએ હવે સમય સાથે તાલ મિલાવીને (૧) બેંક ખાતા (૨) ક્રેડીટકાર્ડ (૩) ખરીદ-વેચ દસ્તાવેજો (૪) મોટરકાર ખરીદી (૫) ફોરેન મુસાફરી (૬) હાઇફાઇ લાઇફ સ્ટાઇલ ના ખર્ચા વિ વ્યવહારો અંગે વિગતો વર્ષવાર તૈયાર રાખવી પડશે જેથી જે વ્યવહારની માહિતી જ્યારે મંગાવે ત્યાં વ્યવહાર ચોપડામાં ક્યાં ઉધાર કરેલો છે તે બતાવી શકાય.

(૮) **સને ૨૦૦૩ થી સ્થાવર મિલ્કતના વેચાણ માટે સ્ટેમ્પ રજીસ્ટ્રેશન વખતે જંત્રીની જે કિંમત ગ** દસ્તાવેજ માટે સ્ટેમ્પ વાપરેલા હોય તેજ જંત્રીની રકમ કેપીટલ ગેઇન-મુડીનો નફો નક્કી કરવા માટે ગણ ફરજીયાત કરેલું છે.

(૯) **તેવીજ રીતે તા. ૧/૪/૨૦૧૩ થી સ્થાવર મિલ્કતની ખરીદી વખતે દસ્તાવેજ રજીસ્ટ્રેશન ક વખતે જંત્રીની** જે રકમ ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરી હોય તે જંત્રીની રકમ ખરીદ કિંમત ગણાશે અને સ્ટેમ દર્શાવેલી ખરીદ કિંમત જંત્રી ની રકમ કરતાં ઓછી હશે તો તફાવતની રકમ આવકમાં ઉમેરવામાં આ

(૧૦) **સ્થાવર મિલ્કત ના ખરીદ-વેચાણ દસ્તાવેજોનું વેરીફીકેશન ૬ વર્ષમાં ગમે ત્યારે થઇ શકશે અ તે વખતે વેચાણ દસ્તાવેજ વખતે કે ખરીદ દસ્તાવેજ વખતે જંત્રીની રકમ અને દસ્તાવેજમાં દર્શા રકમના તફાવત ઉપર જે તે વર્ષના એસેસમેન્ટ રીઓપન કરીને આકારણી થઇ શકશે અને તે વ** ઈન્કમટેક્ષની રકમ ઉપરાંત વ્યાજ અને દંડ ભરવો પડે તેથી વેપારીભાઇઓએ ખરીદ-વેચાણ ના દસ્તા કરતી વખતે જંત્રી પ્રમાણેની રકમ ને ધ્યાન માં રાખીને ચોપડામાં વ્યવહારો કરવા જરૂરી તા. ૩૧/૩/૨૦૧૫ સુધીમાં સને ૦૭/૦૮ નો કેસ રીઓપન થઇ શકે છે.

(૧૧) રહેવાના મકાન ઉપર લીધેલી હાઉસીંગ લોનનું વ્યાજ રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી બાદ મળવા પાત્ર છે

(૧૨) **ધર્માદા ટ્રસ્ટ માટે :-**

(૧) નામ વગરનું ડોનેશન એટલે કે રામભરોસે કે એકગૃહસ્થ તરફથી બનાવેલી પાવતી હેઠળ જે મળે તે નામ વગરનું ડોનેશન ગણાય તે માટે ટ્રસ્ટને મળેલા કુલ દાનના ૫% અથવા રૂા.૧,૦૦,૦૦

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



બે માંથી જે વધુ હોય તે મર્યાદા સુધી વાંધો નથી આ મર્યાદા કરતા જો આવા દાનની રકમ વધારે હોયતો આવા વધારાના દાનની રકમ ધર્માદા ટ્રસ્ટની આવક ગણાશે જેની ઉપર ઉચ્ચક ૩૦% ના દરે ઈન્કમટેક્ષ લાગશે.

(૨) ભાડાની આવક હોય તો ઈન્કમટેક્ષ કાયદા હેઠળ ૩૦% કપાત બાદ મળે છે તે પણ આવી ૩૦% ની એડહોક રકમ ટ્રસ્ટના હેતુ માટેના ખર્ચમાં ગણાતી નથી.

(૩) અગાઉના વર્ષો માટે ટ્રસ્ટની નોંધણી ઈન્કમટેક્ષ કાયદા હેઠળ કરાવેલી ન હોય તો હવે ટ્રસ્ટ ની નોંધણી ઈન્કમટેક્ષ કાયદા હેઠળ કરાવી લેવી જોઈએ અને અગાઉના વર્ષો માટે વ્યાજબી કારણોસર નોંધણી કરાવવી રહી ગઈ હોયતો હવે જે નોંધણી કરાવવામાં આવે તેનો અમલ આગળ ના વર્ષો માટે મળી શકશે.

## ⁂ વેટ (વેલ્યુ એડેડ ટેક્ષ) ⁂

(૧) **વેટ રીટર્ન ઇ રીટર્ન ભરવા :-**

(૧) હવેથી દરેક વેપારીઓએ વેટ રીટર્ન ઓનલાઇન ઇ-ફાઇલીંગ થીજ ભરવા ફરજીયાત છે અને હવે પેપર રીટર્ન ભરી શકાતા નથી.

(૨) **માસીક રીટર્ન કોણે ભરવું પડે :-**

જે વેપારીઓને :- (૧) પેટ્રોલપંપનો ધંધો હોય (૨) ઇમ્પોર્ટ/એક્ષપોર્ટ નો ધંધો હોય (૩) ઉત્પાદક હોય અને ગત વર્ષમાં કે ચાલુ વર્ષમાં રૂા. ૬૦૦૦૦/- થી વધુ ટેક્ષ ભર્યો હોય (૪) આંતરરાજ્ય ખરીદી કે વેચાણ કરતા હોય અને રૂા. ૬૦૦૦૦/- થી વધુ ટેક્ષ ભર્યો હોય (૫) માલ જાંગડ વેચાણ મોકલતા હોય અને વર્ષ દરમ્યાન રૂા. ૬૦૦૦૦/- થી વધુ ટેક્ષ ભર્યો હોય (૬) કપાસીયા ખોળ નું ખરીદ કે વેચાણ કરતા હોય (૭) 'H' ફોર્મથી વેચાણ હોય (૮) જે વેપારીઓએ વેટનું નવું રજીસ્ટ્રેશન મેળવેલ હોય તેમને પ્રથમ ૧૨ મહિના સુધી માસીક રીટર્ન ભરવા પડે.

(૩) **ટેક્ષ ભરવાની મુદત :-**

(૧) ગત વર્ષમાં રૂા. ૬૦૦૦૦/- થી વધુ ટેક્ષ ભરેલો હોય તેમણે દરેક મહીના નો ટેક્ષ જે તે મહીના પછીના મહીનાની ૨૨ મી તારીખ સુધીમાં ભરવો પડે. એટલે કે માસીક ટેક્ષ ભરવો પડે.

(૨) ચાલુ વર્ષમાં જે ત્રિમાસીકમાં ભરવાપાત્ર કુલ વેરો રૂા.૬૦,૦૦૦/- થી વધારે હોય તે ત્રિમાસીક હપ્તા પછીના તરતજ મહિનાથી માસીક વેરો ભરવો પડે.

(૩) જે વેપારીઓને માસીક રીટર્ન ભરવાનું હોય તેમણે પણ મહીનો પૂરો થયા પછી પછીના મહીના ની ૨૨મી તારીખ સુધીમાં ટેક્ષ ભરવો પડે.

(૪) જે વેપારીઓ એ ગત વર્ષમાં કે ચાલુ વર્ષમાં રૂા. ૬૦૦૦૦/- થી ઓછો ટેક્ષ ભરેલો હોય તેમણે ત્રિમાસિક ટેક્ષ ભરવો પડે એટલે ૩૦ મી જૂન, ૩૦મી સપ્ટેમ્બર, ૩૧મી ડીસેમ્બર અને ૩૧મી માર્ચ નો જે તે હપ્તો પુરો થયા પછી ૨૨ દિવસ ની અંદર ટેક્ષનું ચલણ ભરવું પડે.

(૪) **સમયસર રીટર્ન ના ભરવાના ગેર ફાયદા :-**

(૧) જે વેપારીઓ પેપર રીટર્ન કે ઇ-ફાઇલીંગ થી રીટર્ન ભરવાનું હોય છતાં ના ભરે તો નિયમ પ્રમાણે દંડ થાય.

(૨) એક રીટર્ન મોડું ભરવા માટે વધુમાં વધુ રૂા. ૧૦,૦૦૦/- સુધીની પેનલ્ટી થઇ શકે છે.

(૩) સતત ૩ રીટર્ન નું ઇ-ફાઇલીંગ કરવામાં ના આવે તો વેટ કાયદા હેઠળનો TIN નંબર રદ થઇ શકે.

(૪) વેપારીને 'C' ફોર્મ કે 'H' ફોર્મ કે 'F' ફોર્મ કે ફોર્મ નં. ૪૦૨ કે ફોર્મ નં. ૪૦૩ મેળવવાના હોય તો મળે નહિ.

(૫) એટલે વેટ કાયદાના પત્રકો સમયસર નિયમ પ્રમાણે ભરવા સલાહ છે.

(૫) **વેટ Form 402/403 :-**

જે વેપારી ઓનું વાર્ષિક ખરીદ વેચાણ રૂા.૨૫ કરોડ થી વધારે હોય તે વેપારી ભાઇઓ ગુજરાત બહાર વેરાપાત્ર માલ મોકલે અથવા ગુજરાત બહાર થી વેરાપાત્ર માલની ખરીદી કરે તો તેમને Form No.

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



402 તથા Form No. 403 ઓનલાઇન ઇ-મેઇલથી મેળવવું ફરજીયાત છે

(૧) જીરૂ વરીયાળી, ઇસબગુલ, તેલીબીયા, ખાદ્ય તેલો, લોખંડ, ડી ઓઇલ કેક, બ્રાસ પાર્ટસ, સીરામ
પ્રોડક્ટસ ગુજરાત રાજ્ય બહાર વેચવામાં આવે તો દરેક વેચાણ બીલનું Form 402 ઇ-મેઇલ
ઓન લાઇન લેવાનું ફરજિયાત કરેલ છે.

(૨) સીમેન્ટ, ચા કોફી, લોખંડ, કોટાસ્ટોન, મારબલ, ગ્રેનાઇટ, તમામ વાહનો, પ્લાયવુડ, ફોરમાઇકા
ગુજરાત રાજ્ય બહાર થી ખરીદી કરવી હોય તો તે અંગેનું Form 403 ઇ-મેઇલથી ખાતા
વેબસાઇટથી ઓનલાઇન માંગણીકરીને મેળવવાનું ફરજિયાત કરેલ છે.

(૩) એટલે કે દરેક વેપારી એ પોતાની મેળે ઓન લાઇન ફોર્મ-૪૦૨/૪૦૩ લેવાનું શીખી લેવું જરૂરી છે.
માટે કોમ્પ્યુટર જાણતા વેપારીઓએ પોતે કે તેમના એકાઉન્ટન્ટે અમારો રૂબરૂ સંપર્ક કરવો.જેથી સ
ફોર્મ ઓન લાઇન લેવાની પ્રોસીજર શીખવાડી શકાય.

(૪) ઉપર લખ્યા મુજબની ચીજવસ્તુઓ સિવાય ની અન્ય તમામ ચીજવસ્તુઓ માટેના Form 40
403 વેપારી પોતે પ્રીન્ટ કરીને કે બજારમાંથી તૈયાર મેળવીને વાપરી શકે છે. પરંતુ આવા ફોર્મ પ
ખાતાની વેબસાઇટ ઉપરથી મેળવવા સલાહભર્યું છે.

(૬) વેટ ઇ-પેમેન્ટ :-

(૧) જે વેપારીઓએ ગત વર્ષમાં કે ચાલુ વર્ષમાં રૂા. ૧૦ લાખ થી વધુ વેરો ભરેલો હોય તેમણે
વેટનું ચલણ ઇ-પેમેન્ટ થી ભરવું ફરજિયાત છે. આ માટે જરૂરી પાસવર્ડ ફેસીલીટી બેંકમાં
થી મેળવીને ઇ-પેમેન્ટ કરવું પડે. એકંદરે આ પધ્ધતિ સારી છે કારણ રાતના ૧૧ વાગ્યા
સુધીમાં ગમે ત્યારે ઇ-પેમેન્ટ થઇ શકે છે.

(૨) જે વેપારીઓને વેરો રૂા. ૧૦ લાખથી ઓછો ભરવાનો હોય તેઓ પણ મરજિયાત રીતે ઇ-પેમેન્ટ
વેટનું ચલણ ભરી શકે છે.

(૭) એક્ષપોર્ટ કે આંતરરાજ્ય/જાંગડ વેચાણ ના 'C' - ફોર્મ 'H' ફોર્મ કે 'F' ફોર્મ કચેરીમાં રજુ કર
અંગે :-જે તે હપ્તામાં 'H' - ફોર્મ સામે એક્ષપોર્ટ કે 'C' - ફોર્મ સામે આંતરરાજ્ય વેચાણ કે 'F' - ફોર્મ સ
જાંગડ વેચાણ કરેલું હોય તે હપ્તો પૂરો થયેથી આવા 'H' - ફોર્મ કે 'C' - ફોર્મ કે 'F' - ફોર્મ ત્ર
મહીનાની અંદર વેટ કચેરીમાં લીસ્ટ સાથે રજુ કરવા ફરજિયાત છે.

(૨) એટલે જે વેપારીઓને આ જોગવાઇ લાગુ પડતી હોય તેમણે હપ્તો પૂરો થયેથી ત્રણ માસની અં
તેમના ખરીદનારાઓ પાસેથી જે તે ફોર્મ મંગાવી લઇ પોતાના લેટરપેડ ઉપર વિગતવાર લીસ્ટ બનાવ
વેટ કચેરીમાં રજૂ કરી પાવતી મેળવી લેવી જોઇએ.

(૮) કલમ-૧૪ હેઠળ અડધો ટકો લંપસમ ટેક્ષ ભરવાનો ઓપ્શન રૂા. ૭૫ લાખ સુધીનું ટર્ન ઓવર ધરાવતા ટ્રેડ
કરતા નાના વેપારીને મળે છે. અને આવો લંપસમ ટેક્ષ ભરવાનો ઓપ્શન નવેસર થી લેવો હોય તો તાર
૩૦-૪-૨૦૧૫ સુધીમાં અરજી કરી શકાશે. એટલે જે વેપારી ભાઇઓને આ ઓપ્શન લેવો હોય તેમણે અમ
સંપર્ક કરવો. જો કે વર્ષ દરમિયાન આવા વેપારીનું ટર્ન ઓવર જો રૂા. ૭૫ લાખથી વધી જાય તો જે તારીખે
ઓવર વધે તે તારીખથી લંપસમનો ઓપ્શન કેન્સલ થઇ જાય અને રૂટીન ડીલર તરીકે ટેક્ષ ભરવાની જવાબદ
ચાલુ થઇ જાય ઉપરાંતમાં આવા વેપારી જો કરચોરીમાં સંડોવાયેલ હોય તેવું પુરવાર થાય તો પણ લંપસમ
ઓપ્શન કેન્સલ થઇ જાય.

(૮A) જે વેપારીઓ ક.૧૪ હેઠળ લંપસમ પરમીશન ધરાવતા હોયતે વેપારીઓ જો લંપસમ પરમીશન રદ ક
માગતા હોય તે વેપારી જે મહિનામાં લંપસમ રદ કરાવવા અરજી કરે તે ત્રિમાસીક પછીના મહિનાથી લંપ
પરમીશન રદ કરાવી શકાય.

(૯) કલમ 14B હેઠળ લંપસમ પાંચ પૈસા ભરવાનો ઓપ્શન ધરાવતા કમિશન એજન્ટ જો ગુજરાત રાજ્ય બહાર
માલ ખરીદે કે માલ વેચવા માટે મંગાવે કે ગુજરાત બહાર માલનું વેચાણ કરે કે માલ વેચવા મોકલે તો લંપ

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com

PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com
PDF-XChange Editor Click to BUY NOW! tracker-software.com



ટેક્ષ ભરવાનું લાયસન્સ ઓટોમેટીક કેન્સલ થઇ જાય છે. એટલે આવા વેપારી ભાઇઓએ આ બાબતનું ખાસ ધ્યાન રાખવું.

(૧૦) **અગત્યની બીજી જોગવાઇઓ :**

(૧) તા.૧-૪-૨૦૧૫ થી ઇસબગુલને માફી કરવામાં આવેલ છે.

(૨) જે વેપારીઓને વેટ ઇનપુટની મોટી રકમની ક્રેડીટનું રીફંડ લેવાનું બાકી નીકળતું હોય તે માટે જરૂરી અરજી કરી પ્રોવિઝનલ રીફંડની માંગણી કરી શકાય છે આ માટે અમારો રૂબરૂ સંપર્ક કરવો.

(૩) એ ખાસ નોંધવું જરૂરી છે કે પ્રોવિઝનલ રીફંડ માટે જેટલી રકમની અરજી કરવામાં આવે તેની ઇનપુટ ક્રેડીટ પછીના મહીનામાં માંગી શકાશે નહીં.

(૪) વર્ષ દરમ્યાન ધંધાના સ્થળમાં કે બંધારણમાં ફેરફાર થાય કે નવું ગોડાઉન રાખવામાં આવે કે કોઇ ગોડાઉન ખાલી કરવામાં આવે તો તેવી બાબતોની જાણ વેટ કચેરીમાં ૧ માસની અંદર કરવી જરૂરી છે.

(૫) તેવી જ રીતે વર્ષ દરમ્યાન કોઇ બેંકમાં નવું ખાતું ખોલાવવામાં આવે કે ચાલુ કોઇ ખાતું બંધ કરવામાં આવે તો તે અંગેની જાણ ૧૦ દિવસની અંદર વેટ કચેરીમાં કરવી જરૂરી છે.

(૬) એટલે ઉપર પ્રમાણે વર્ષ દરમ્યાન જો કોઇ ફેરફાર થાય તો તુરતજ અમોને જાણ કરવી જેથી સમયસર વેટ કચેરીમાં તે અંગેની જરૂરી અરજી અને પુરાવા રજુ કરી શકાય કારણ આવી ફેરફાર ની જાણ જો મોડી કરવામાં આવે તો દરરોજનો રૂા. ૧૦૦/- લેખે દંડ થાય છે.

(૭) વેટ નંબર મેળવતી વખતે ફોર્મ નં. 101-C માં જેનો સહીનો નમૂનો આપ્યો હોય તે નમૂના પ્રમાણે ની સહી ટેક્ષ ઇન્વોઇસ માં કરવી જરૂરી છે. કારણ સહી મળતી નથી એ મુદ્દા ઉપર ઇન્વોઇસની રકમના ૧૦% દંડ થાય છે. અને ખરીદનારને ટેક્ષ ઇન્વોઇસ પ્રમાણેના ટેક્ષની ક્રેડીટ મળે નહિં. એટલે ટેક્ષ ઇન્વોઇસમાં સહી કરવી અને બેંકના ચેકમાં સહી કરવી બંને સરખું છે માટે કાળજી લેવી અને આ રીતે આપેલ સહીના નમૂના માં ફેરફાર કરી શકાય પણ તે માટે નવું ફોર્મ 101-C ભરવું પડે.

(૮) વેટ કાયદા હેઠળ કે CST કાયદા હેઠળ પત્રક મોડા ભરવા માટે રોજના રૂા. ૧૦૦/- થી શરૂ કરીને રૂા. ૧૦૦૦૦/- સુધીનો દંડ થઇ શકે છે.

(૯) વેટ રીટર્નમાં વેટની ઇનપુટ ક્રેડીટ ખરીદીના ટેક્ષ ઇન્વોઇસ પ્રમાણે માંગેલી હોય પણ જ્યારે આવી ઇનપુટ ક્રેડીટ નું ક્રોસ વેરીફીકેશન થાય ત્યારે તમે જેની પાસેથી માલ ખરીદ કરેલ હોય તેણે ટેક્ષ ઇન્વોઇસ માં વસૂલ કરેલો ટેક્ષ ભર્યો ના હોય તો ટેક્ષ ક્રેડીટ મળે નહિ અને તે ઉપરાંત આવી ક્રેડીટ ની રકમના ૧૫૦% લેખે દંડ થાય એટલે આપણે જેની પાસેથી ખરીદી કરીએ છીએ તે રેગ્યુલર વેપારી છે. અને રેગ્યુલર વેટ ભરે છે તેની આપણે કાળજી લેવી જરૂરી છે નહિંતર આવા બોગસ વેપારીના કારણે આપણે ખોટી રીતે દંડાવાનું થાય. આથી દરેક વેપારીઓ એ ત્રિમાસીક પત્રક ભર્યા પછી ઇન્ટરનેટ વેબસાઇડ ઉપર ITC પ્રોફાઇલ ચેક કરી લેવી હીતાવહ છે.

(૧૦) વેપારીએ VAT રીટર્ન ભરવા માટે FORM 201A / 201B / 201C માં માહીતી પેપર ફોર્મેટમાં કે CD માં કે Mail થી આપે તેમાં ખુબ સાવચેતી રાખીને ખરીદ-વેચાણ કરેલ પાર્ટીનું નામ TIN નંબર સાચા લખેલા છે તે ચેક કરવું. કારણ એ માલ ખરીદ કરેલ પાર્ટીના TIN નંબર ખોટો લખેલ હશે તો તેની ઇનપુટ ટેક્ષ ક્રેડીટ મલશે નહીં અને વેચાણ કરેલ પાર્ટીનો TIN નંબર ખોટો લખેલ હશે તો સામેની પાર્ટીને ટેક્ષ ક્રેડીટ મલશે નહીં તેવી જ રીતે સ્ટોક સ્ટેટમેન્ટમાં ભુલ હશે તો પછીના ક્વાર્ટર નો સ્ટોક મલશે નહીં.

(૧૧) જો કોઇ રીટર્નમાં આંકડા આપવામાં કે કોઇ નામ કે TIN No. માં ભુલ થઇ હોય તો તે રીટર્ન ભરવાની ડ્યુ ડેટ પછી એક માસમાં રીવાઇઝ રીટર્ન ભરીને ભુલ સુધારી શકાય.

PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com

PDF-XChange Editor
Click to BUY NOW!
tracker-software.com



**(૩૮) વ્યવસાય વેરો :-**

(૧) વ્યવસાય વેરાનો વહિવટ હવે વેટ કચેરી પાસે નથી પરંતુ જે તે ગામની મ્યુનીસીપાલીટી કે પંચાયત પાસે છે. કારણ વ્યવસાય વેરાની જે આવક થાય તે તેમની આવક છે.

(૨) જે વેપારીઓએ અત્યાર સુધી આ રીતે જે તે મ્યુનીસીપાલીટી કે પંચાયતમાં વ્યવસાય વેરો ના ભર્યો હોય તેમણે ત્યાંથી વ્યવસાય વેરાનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ અરજી કરી મેળવી લેવું જરૂરી છે.

(૩) જો વેપારી કોઇ વ્યક્તિને મહીને ૬૦૦૦/- કે તેથી વધુ પગાર આપે તો તેનો અલગ વ્યવસાયવેરા નંબર લઇને પગારમાંથી વ્યવસાયવેરો કાપીને ભરવો પડે.

અમે આશા રાખીએ છીએ કે ઉપર પ્રમાણે ઇન્કમટેક્ષ તથા વેટ અંગેની મુખ્ય મુખ્ય બાબતોની છણાવટ અને માર્ગદર્શન આપને ઉપયોગી થાશે. તથા આ અંગે વિશેષ માહિતી માટે રૂબરૂ સંપર્ક કરવો.

લી.

ધીરૂભાઇ પી. પોપટ - કનુભાઇ ડી. પોપટ
પીયુષભાઇ એન. પોપટ - નીખીલભાઇ કે. પોપટ